# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

******************************************************

1) ભારતીય વિશિષ્ટ ઓળખ સત્તામંડળએ 7 થી 15 વર્ષ સુધીના બાળકો માટે આધાર બાયોમેટ્રિક અપડેટ્સ માટેના ચાર્જ માફ કર્યા.

2) વૈશ્વિક ખોરાક તરીકે માન્યતા પામેલા મખાણાની અમેરિકા, કેનેડા, આરબ દેશો, યુરોપ અને અન્ય એશિયન દેશોમાં નિકાસ કરવામાં આવશે.

3) સરકારે રાષ્ટ્રીય રાજમાર્ગ ફ્રી ટોલપ્લાઝા નિયમ 2008માં સુધારો કર્યો - ડિજિટલ ચુકવણીને પ્રોત્સાહન અપાશે.

4) બ્રિટિશ પ્રધાનમંત્રી કીર સ્ટારમર આઠમી ઓક્ટોબરે ભારત આવશે.

5) ICC મહિલા ક્રિકેટ વિશ્વ કપમાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો.

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# UIDAI

ભારતીય વિશિષ્ટ ઓળખ સત્તામંડળએ 7 થી 15 વર્ષ સુધીના બાળકો માટે આધાર બાયોમેટ્રિક અપડેટ્સ માટેના ચાર્જ માફ કરી દીધા છે.

એક નિવેદનમાં, ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે જણાવ્યું કે આ વય જૂથ માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ (MBU) ચાર્જ માફ કરવાનો નિર્ણય પહેલી ઓક્ટોબરથી અમલમાં આવી ગયો છે અને એક વર્ષ માટે અમલમાં રહેશે. આ નિર્ણયથી દેશભરના આશરે છ કરોડ બાળકોને લાભ થવાની અપેક્ષા છે.

# SHIVRAJSINH CHAUHAN

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જાહેરાત કરી કે વૈશ્વિક ખોરાક તરીકે માન્યતા પામેલા બિહારના, મખાણાની અમેરિકા, કેનેડા અને આરબ દેશો ઉપરાંત યુરોપ અને અન્ય એશિયન દેશોમાં નિકાસ કરવામાં આવશે. પટણામાં મખાણા મહોત્સવમાં બોલતા તેમણે કહ્યું કે આફ્રિકન દેશોમાં પણ નિકાસ માટે એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

શ્રી ચૌહાણે ભાર મૂક્યો કે મખાણા ફક્ત બિહારનું ગૌરવ જ નથી પરંતુ ભારતીય પરંપરા, મૂલ્યો અને ખેડૂતોની મહેનતનું પ્રતીક પણ છે. તેમણે ખાતરી આપી હતી કે કૃષિ મંત્રાલય બિહારના મખાણા અને તેના ખેડૂતોને વૈશ્વિક સ્તરે માન્યતા આપવા માટે તમામ શક્ય સહાય પૂરી પાડશે.

# FASTAG UPDATE

સરકારે રાષ્ટ્રીય રાજમાર્ગ ફી ટોલપ્લાઝા નિયમ, 2008માં સુધારો કર્યો છે. નવા નિયમો અનુસાર, માન્ય અને સક્રિય FASTag વગર ટોલ પ્લાઝામાંથી પસાર થતા વાહનો જો રોકડમાં ચૂકવણી કરવાનું પસંદ કરે તો તેમની પાસેથી ફી કરતાં બમણી રકમ વસૂલવામાં આવશે. જો ફી UPI દ્વારા ચૂકવવામાં આવશેતો તેમની પાસેથી ફી કરતાં દોઢ ગણી રકમ વસૂલવામાં આવશે.

આ નિયમો આવતા મહિનાની 15મી તારીખથી અમલમાં આવશે. હાઇવે મંત્રાલયે જણાવ્યું છે કે સુધારેલા નિયમો ફી કલેક્શનને મજબૂત બનાવશે, ડિજિટલ ચુકવણીને પ્રોત્સાહન અપાશે અને ટોલ કામગીરીમાં પારદર્શિતા વધારશે.

# UK-PM-INDIA-VISIT

બ્રિટિશ પ્રધાનમંત્રી કીર સ્ટારમર આઠમી ઓક્ટોબરે બે દિવસની મુલાકાતે ભારત આવશે. આ તેમની ભારતની પ્રથમ સત્તાવાર મુલાકાત હશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે નવ ઓક્ટોબરે મુંબઈમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને શ્રી સ્ટારમર વિઝન 2035ને અનુરૂપ ભારત-યુકે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીના વિવિધ પાસાઓ પર પ્રગતિની સમીક્ષા કરશે. આ વેપાર અને રોકાણ, ટેકનોલોજી અને નવીનતા, સંરક્ષણ, આબોહવા અને ઉર્જા, આરોગ્ય, શિક્ષણ અને પરસ્પર સંબંધો જેવા મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરતી 10 વર્ષની કાર્ય યોજના છે.

બંને નેતાઓ ભારત-યુરોપ વ્યાપક, આર્થિક અને વેપાર કરાર દ્વારા રજૂ કરાયેલી તકો અંગે વ્યવસાય અને ઉદ્યોગના પ્રતિનિધિઓ સાથે પણ વાતચીત કરશે. શ્રી મોદી અને શ્રી સ્ટારમર પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે. બંને વડાઓ મુંબઈમાં ગ્લોબલ ફિનટેક ફેસ્ટની છઠ્ઠી આવૃત્તિમાં પણ ભાગ લેશે.

## AMIT SHAH -GOA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે તલેઈગાંવના ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી ઇન્ડોર સ્ટેડિયમ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં ગોવા સરકારના મુખ્ય કલ્યાણ કાર્યક્રમ, 'મ્હાજે ઘર યોજના'નો શુભારંભ કરાવ્યો.

આ યોજનાનો ઉદ્દેશ્ય સરકારી અને સામુદાયિક જમીનો પર બનેલા મકાનોને નિયમિત બનાવવાનો અને લાંબા સમયથી રહેતા લોકોને માલિકી હકો આપવાનો છે. શ્રી શાહે બે હજાર 452 કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યા.

સભાને સંબોધતા ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, 'મ્હાજે ઘર યોજના' પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ NDA સરકારો દ્વારા હાથ ધરવામાં આવેલા સુધારાના પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે.

(BYTE: AMIT-SHAH-GOA)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## GST

**GST બચત મહોત્સવ સમાજના તમામ વર્ગોને લાભ આપી રહ્યો છે. આજે, પશ્ચિમ બંગાળમાં GST સુધારાઓ પર સાંભળીએ એક અહેવાલ**

**(BYTE: NIKITA-GST)**

## SUBHANSHU-SHUKLA-EDUCATION

**આંતરરાષ્ટ્રીય અવકાશ મથકની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાએ ગઈકાલે નવી દિલ્હીમાં શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગના સચિવ સંજય કુમાર સાથે મુલાકાત કરી.**

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શિક્ષણ મંત્રાલયે જણાવ્યું કે આ બેઠકમાં વિકાસિત ભારત બિલ્ડાથોન 2025 પર ચર્ચા થઈ હતી, જે વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક સ્વભાવ, સર્જનાત્મકતા અને નવીનતાને પ્રોત્સાહન આપવા અને વિકસિત ભારત તરફની યાત્રામાં યોગદાન આપવા માટે તેમને સશક્ત બનાવવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વપ્ન સાથે સુસંગત છે. શ્રી શુક્લાને વિકાસિત ભારત બિલ્ડાથોન 2025ના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે ઉત્તર બિહાર, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ભારે વરસાદની આગાહી કરી છે. IMD મુજબ, આજે અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલય સહિત સમગ્ર સપ્તાહ દરમિયાન ઉત્તર પૂર્વ ભારતમાં છૂટાછવાયા ભારે વરસાદની આગાહી છે. આ સ્થિતિ આવતીકાલે તમિલનાડુ, કેરળ અને માહેના કેટલાક ભાગોમાં પણ ચાલુ રહેશે.

આ દરમિયાન, દેશના ઉત્તર ભાગમાં, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, પશ્ચિમ રાજસ્થાન, હિમાચલ પ્રદેશ અને પંજાબમાં આવતીકાલ સુધી ભારે વરસાદ થવાની સંભાવના છે. IMD એ આજે દિલ્હી-NCR પર 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વાવાઝોડાની આગાહી કરી છે.

# WOMEN -CRICKET

ICC મહિલા ODI ક્રિકેટ વિશ્વ કપમાં, ભારત આજે બીજી મેચમાં પાકિસ્તાન સામે રમશે. કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે ટુર્નામેન્ટની ભારતની બીજી મેચ બપોરે ત્રણ વાગ્યે શરૂ થશે. DLS પદ્ધતિ દ્વારા શ્રીલંકાને 59 રનથી હરાવીને ભારતની મહિલા ટીમે પોતાની પહેલી મેચ જીતી હતી.

બીજી તરફ, પાકિસ્તાનને ટુર્નામેન્ટની શરૂઆતની મેચમાં બાંગ્લાદેશ સામે સાત વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતનો પોતાના હરીફો સામે ODIમાં 11-0નો પ્રબળ રેકોર્ડ છે. ભારત માટે, આ મેચ સેમિફાઇનલ ક્વોલિફાય તરફ એક પગલું છે.

# WORLD-PARA-ATHLETICS

નવી દિલ્હીમાં 2025 વિશ્વ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારતે છ સુવર્ણ, સાત રજત અને પાંચ કાંસ્ય ચંદ્રક સાથે કુલ 18 ચંદ્રક જીત્યા છે.

એકતા ભયાને મહિલા ક્લબ થ્રો F-51 સ્પર્ધામાં રજત ચંદ્રક અને સોમન રાણાએ પુરુષોની શોટ પુટ F-57 સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો, જ્યારે પ્રવીણ કુમારે પુરુષોની ઊંચા કુદકા સ્પર્ધામાં T-64 કાંસ્ય ચંદ્રક જીત્યો. સ્પર્ધા આજે સમાપ્ત થશે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

♣ આજના અખબારોએ વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમાચારોની હેડલાઇન બનાવી છે.

♣ ગુજરાત સમાચાર લખે છે સોના ચાંદીમાં તેજી- ભાવ આસમાનને આંબ્યા.. સાને તાકાઈચી જાપાનના પહેલા મહિલા વડાપ્રધાન બનશે...

♣ દિવ્ય ભાસ્કર લખે છે રોહીતનો યુગ પુરો થયો... હવે શુભમન ગીલ પાસેથી વર્લ્ડ કપ જીતની અપેક્ષાઓ.. ભારતીય પ્રતિભાને વિશ્વના 7 દેશમાંથી આમંત્રણ...

♣ સંદેશ લખે છે વાવાઝોડું શક્તિ- મહારાષ્ટ્ર- ગુજરાતમાં એલર્ટ.. કફ સિરપથી મોત- 19 દવાના ઉત્પાદકોને ત્યાં ઈન્સ્પેક્શન શરૂ...

♣ ટ્રમ્પ સામે હમાસ ઝૂક્યું- બે વર્ષના યુદ્ધના અંતના એંધાણ આ સમાચારને નવગુજરાત સમયે પ્રથમ પાને છાપ્યા છે

♣ ભારત પાકિસ્તાન વિરૂદ્ધ 11-0 નો રેકોર્ડ આગળ વધારવા ઉતરશે... ભારતે વેસ્ટ ઈન્ડિઝ વિરૂદ્ધનો 77 વર્ષનો હિસાબ બરાબર કર્યો આ સમાચારને તમામ અખબારોએ રમતગમતના પાનાં પર સ્થાન આપ્યું છે.